બેતાલીસ વિશ્વકર્મા મેવાડા સમાજ દ્વારા, વિશ્વકર્મા મંદિર ગાંધીનગર ખાતે મિલન સમારંભ તથા સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું અને સમાજના પ્રમુખ,ખજાનચી, મહેમાનઓ તેમજ તમામ સભ્યો હાજર રહ્યા હતા. સમાજના મંત્રી પંકજભાઈ બી.મેવાડાએ બાળકોને સુપર સ્ટુડન્ટ તરીકે આગળ વધવા તેમ જ સરકારી યોજનાઓ સમજાવી લાભ લેવા જણાવી સમાજના દરેક સભ્યોનો આભાર માન્યો હતો.

વાવોલમાં પાર્કિંગ મુદ્દે પોલીસ કર્મચારી અને વસાહતીઓ વચ્ચે માથાકુટ

ઘર પાસે ગાડી મુકી ખાખીનો રોફ મારતા પોલીસ કર્મચારી સામે વસાહતીઓમાં આક્રોશ



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના વાવોલ સ્થિત વિજય એપાર્ટમેન્ટ ખાતે ગઈકાલે રાત્રીના સમયે ઘર પાસે કાર પાર્કિંગ બાબતે પાડોશીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. સામાન્ય બાબતે ચાલુ થયેલી માથાકુટ ગણતરીના સમયમાં ઉગ્ર બની હતી. એક બાજુ ફલેટના વસાહતીઓ તો બીજીતરફ પોલીસ કર્મચારીએ ખાખીનો રોફ મારી વસાહતીઓને પણ ચુપ કરી દીધા હતા. જયારે પોલીસ કર્મચારીએ મહિલાઓ સાથે પણ ઉદ્ધત વર્તન કર્યું હોવાનું ધ્યાને આવ્યું છે. આખરે અભયમની ટીમે વાવોલ પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. જયારે સ્થાનિક વસાહતીઓએ સેકટર-૭ પોલીસ મથકે પોલીસ કર્મચારી સામે અરજી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાવોલ ગામની સૌ પ્રથમ સોસાયટી વિજય એપાર્ટમેન્ટ ખાતે રહેતા પોલીસ કર્મચારીએ પોતાની ગાડી નીચે રહેતા એક મહિલાના ઘર પાસે પાર્ક કરી હતી. આ ગાડી પાર્કીંગ કરતા મહિલાને ઘરની બહાર આવન-જાવન કરવામાં પણ પરિવારના સભ્યોને ભારે અગવડતાનો સામનો કરવો પડે તેમ હતો. જેને પગલે મહિલા તેમજ તેના પતિએ ગાડી દુર મુકવા માટે સમજાવતા પોલીસ કર્મચારી બેહુદા વર્તન પર ઉતરી પર આવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સામાન્ય બાબતે ચાલુ થયેલી માથાકુટે ઉગ્ર સ્વરુપ ધારણ કરતા રાત્રીના સમયે સોસાયટીના રહીશો એકઠા થઈ ગયા હતા. વસાહતીઓએ પોલીસ કર્મચારીને પણ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસ જવાને વસાહતીઓ સાથે પણ ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા સોસાયટીના રહીશોમાં પણ રોષ ભભુકી ઉઠ્યો હતો. જેથી મહિલાઓએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન નંબર ડાયલ કરતા અભયમની ટીમ આવી પહોંચી હતી. જેમાં એક કાઉન્સેલર અને એક મહિલા પોલીસ કર્મચારી હતા. કાઉન્સેલરે બે પક્ષોની વાત સાંભળી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. આખરે ૧૮૧ માં બે મહિલાઓને બેસાડી સેકટર-૭ પોલીસ મથકે લઈ જવાયા હતા. જયાં મોડીરાતસુધી ફરીયાદ લેવામાં ન આવતા ફરીવાર ૧૮૧ નંબર પર કોલ કર્યો હતો. જેમની સલાહ મુજબ મહિલાએ કંટ્રોલ રૂમમાં વાત કરતા ગણતરીની મિનીટોમાં અધિકારી હાજર થઈ ગયા હતા.અલબત તેમણે શાતિથી ફરીયાદ સાંભળી, લેખિત ફરીયાદ પણ સ્વીકારી હતી અને ફરીયાદીની ફરીયાદ દુર થઈ જશે તેવી ખાતરી પણ આપી હતી.

ખૂણેખાંચરેથી

● જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય આજથી ત્રણ દિવસની રજા પર ગયા છે.

● ગાંધીનગર શહેર ભાજપે વરસાદ દરમ્યાન શહેરના નગરજનોની મદદ માટે સહાયતા ટીમની રચના જાહેર કરી છે.

● દહેગામની ન.પા.માં ભ્રષ્ટ્રાચારના મુદ્દે વિપક્ષે આજે સત્તાધારી પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

● માણસા જ નહિ જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં અનિયમિત એસ.ટી.ની સેવાઓથી ગ્રામીણ વિસ્તારમાં રોષની લાગણી ઉભી થઈ છે.

● મામલતદાર કમિશનરશ્રીની કચેરીમાં આજે તમામ કર્મયોગીનીઓએ હરિયાળી ત્રીજ મનાવી અને લીલા કલરના કપડા ધારણ કર્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં 'બિલાડીનું સામ્રાજ્ય' તો કલેક્ટર કચેરીમાં 'શ્વાનરાજ' ચાલે છે. આ ઉપરાંત મૂષકરાજ તો ખરૂ જ.

● ગાંધીનગર શહેરમાં આજે ૨૪૯૭ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૧૧ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં એકાઉન્ટનો ચાર્જ બી.ડી. જાડેજાને આપવામાં આવ્યો છે.

● ગુડા દ્વારા એચ.આઈ.જી. મકાનોના પઝેશન માટે ધીમી ગતિએ કામગીરી કરવામાં આવતી હોવાનું લાભાર્થીઓમાં ચર્ચા સાંભળવા મળી હતી.

● રાજયના નાણાં વિભાગે સહાયક રાજ્ય વેરા કમિશનર વર્ગ-૧ના ૪૫ અધિકારીઓની બદલી કરી છે અને વર્ગ-૨ના ૫૬ અધિકારીઓને વર્ગ-૧ની બઢતી આપતા હૂકમો કર્યા છે.

● ગાંધીનગર શહેરની વિવિધ કચેરીઓમાં આજે બપોર પછી રજાનો માહોલ જોવા મળતો હતો.

કામધેનુ યુનિવર્સિટી ધ્વારા પીએફએમએસ પોર્ટલની તાલીમ

ગાંધીનગર, તા. ૩૦

ભારત સરકારની તમામ યોજનાઓ હેઠળ જારી કરાયેલા ભંડોળને ટ્રેક કરવા માટે PFMS (Public Financial Management System) પોર્ટલના વિવિધ મોડ્સ/ફંકશન્સ માટેના આઉટપુટ સહેલાઈ થી કચેરીના કર્મચારીઓ સમજી શકે તેના માટે ઓનલાઈન તાલીમનું આયોજન નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ, કામધેનુ યુનીવર્સીટી દ્વારા તા.૨૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું હતું. સદર તાલીમ રાજ્ય એન.એસ.એસ. સેલમાં PFMSનું કાર્ય સંભાળનાર શ્રી ઉમેશભાઈ તળપદા, પ્રોગ્રામ ઓફિસર, કોમર્સ કોલેજ, ગાંધીનગર દ્વારા ગૂગલ મીટના માધ્યમથી ઓનલાઈન આપવામાં આવી હતી. સદર તાલીમમાં યુનીવર્સીટીની અંગભૂત તેમજ સંલગ્ન કોલેજ/ પોલીટેકનીકના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તથા ઉક્ત સંસ્થાઓમાં હિસાબી વિભાગમાંથી PFMS કાર્યવાહી સાથે સંકળાયેલ કર્મચારી જોડાયા હતા.

ગેઝીયા અને ગાંધીનગર મનપાના સંયુક્ત ઉપક્રમે 'કોરોના વેક્સિનેશન કેમ્પ' યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગેઝીયા, જીઆઈડીસી, ગાંધીનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'કોરોના વેક્સિનેશન કેમ્પ' ગેઝીયા કોમન ફેસિલીટી સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮ વર્ષથી ૬૦ વર્ષના તમામ લોકોને પ્રથમ, બીજો અને બુસ્ટર આપવામાં આવ્યો હતો. ગેઝીયા ઔદ્યોગિક વસાહત તથા આજુબાજુના રહેણાંક વિસ્તારના કુલ ૬૩૪ લોકોએ વેક્સિન લીધી હતી. રેકર્ડ મુજબ ૫૬૪ લોકોએ કોવિશિલ્ડ અને ૭૦ લોકોએ કોવેક્સિન લીધી હતી.

જર્મનીથી ખોરજ કંન્ટેનર ડેપો ખાતે આવેલા પેકેટમાંથી કોફીના ચાર મશીન ગાયબ

પેઢી માલિકે રૂ.૨.૯૦ લાખના ૪ મશીનની ચોરી થતા ફરીયાદ નોંધાવી

ગાંધીનગર,તા.૩૦

અમદાવાદની એક પેઢીએ જર્મનીથી ૧૭ કોફીના મશીનો આયાત કર્યા હતા. જર્મનીથી ૪ પેકેટમાં કોફીના મશીનો મુંબઈ પણ આવી ગયા હતા. તે સમયે પણ પેકેટ અને વજન બંન્ને કન્ફર્મ થયા હતા. ત્યારબાદ મુંબઈ પોર્ટથી અમદાવાદ કન્ટેનર્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ખોરજ-ખોડીયાર ખાતે કોફીના પેકેટ આવ્યા હતા. ત્યારબાદ કસ્ટમ વિભાગના અધિકારી દ્વારા પેકેટ ચેક કરતા કોફીના ૪ મશીન અને કલીનીંગનો સામાન સહિત ૯૬ કિ.ગ્રામ વજન ઓછુ જણાયું હતું. જેથી કસ્ટમના અધિકારીએ બિલ ઓફ એન્ટ્રીમાં ઈન્ટરનલ નોંધ કરી હતી. જેથી ચાર કોફીના મશીનો ચોરાઈ જતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ બોડકદેવ આકાશનીમ બંગ્લોઝ ખાતે રહેતા મોનીશ ભુપેન્દ્રભાઈ મુન્શા પરિવાર સાથે રહે છે. જયારે નવરંગપુરા પાસે એમ-એસ ઈતોસ નામની ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે કામ કરે છે. તેઓની પેઢી વિદેશમાંથી કોફીના મશીનો મંગાવી જુદીજુદી જગ્યાએ વેચવાનું કામ કરે છે. જર્મનીની મેલીટા કંપનીમાંથી કોફી મશીનો આયાત કર્યા હતા અને જે માલ લાવવાની જવાબદારી કેટર પીલર કાર્ગો સોલ્યુશન કંપનીને આપી હતી. જર્મનીથી પેક થઈને ચાર પેકેટ નીકળ્યા હતા. આ પેકેટનું વજન આશરે ૬૩૨ કિ.ગ્રામ હતું. આ પેકેટની અંદર આશરે ૧૭ કોફી મશીન અને તેની સાથે તેનુ કલીનીંગ મટીરલ્સ સહિત અન્ય એસેસરીઝનો સામાન હતો. જે સામાન જર્મની ખાતે કેટલ પીલર કંપનીની સહયોગી કંપની દ્વારા ત્યાંથી તા.૧૯.૧.૨૨ ના રોજ માલ ઉપાડ્યો હતો અને ચાર પેકેટ હતા તેનું વજન ૬૩૨ કિ.ગ્રા હતું. જર્મનીથી માલ ન્હાવાશેવા મુંબઈ પોર્ટ પર આવી ગયો હતો અને ત્યાં પણ પુરો માલ રીસીવ થયાનું કન્ફર્મ થયું હતું. ત્યારબાદ તા.૨૨ માર્ચ ૨૦૨૨ ના રોજ કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડીયાને ખોરજ ખોડીયાર ખાતે આ માલ મળ્યો હતો. ત્યારબાદ માલનું કસ્ટમ ઓથોરીટીઝ દ્વારા એકઝામીનેશન માટે ગત તા.૨૮-૩-૨૨ ના રોજ આવતા મશીનોના બોકસ ખોલતા તેની અંદરથી ૪ કોફી મશીન અને ૪ કલીયનીંગની બોટલની ઘટ હોવાની કસ્ટમ અધિકારીએ બીલ ઓફ એન્ટ્રીની ઈન્ટરનલ નોંટમાં નોધ કરી હતી. જે ઈથોસ કંપનીને જાણ પર આવતા કન્ટેનર કોર્પોરેશન પાસે માલનું વજન કરાયું તો ચાર પેકેટનું વજન ૫૩૫.૮ કિ.ગા. થયુ હતું એટલે કે ૯૬ કિંગ્રામ વજન ઓછુ હતું. જેથી ઈથોસ પેઢીના ભાગીદાર મોનીશ મુન્શાએ રૂ.૨.૯૦ લાખના ચાર કોફીના મશીન અને ૪ કલીનીંગ મટીરીયલ્સ બોટલની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ચૌધરી બી.એડ કોલેજમાં લાયન્સ કલબ અમદાવાદના ઉપક્રમે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૩૦

અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત ચૌધરી બી.એડ્ અને એમ.એડ્ મહિલા કૉલેજ તેમજ લાયન્સ કલબ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના તમામ ટ્રસ્ટીગણ તેમજ લાયન્સ કલબ અમદાવાદના ડાયરેક્ટર, ચેરમેન એજ્યુકેશન લાયન્સ ડીસ્ટ્રીકટ ૩૨૩૨ B/1 ડૉ. આભા જૈન ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ગાંધીનગર લાયન્સ કલબ લીયો અને ફેમીનાની ટીમ પણ હાજર રહી હતી. એમ.એડ્ કૉલેજના પ્રિન્સીપાલ અને H.O.D ડૉ.પરવીનબાનું મલેક તેમજ બી.એડ્ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. દિનેશ.પટેલ તેમજ સમગ્ર સ્ટાફ અને તાલીમાર્થી બહેનો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

રાજયમાં છેલ્લા છ માસમાં દેશી દારૂના ૬૯,૯૨૪ કેસ નોંધાયા

૩૧૪ પાસા અને ૧૭૩ બુટલેગરને તડીપાર કરવામાં આવ્યા

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ આ દારૂબંધ માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની ટ્રકો આસપાસના રાજયની સરહદોમાંથી ગુજરાતમાં ઠલવાય છે. પોલીસની આંખમાં ધુળ નાંખીને અવનવા પેંતરા રચી વાહનોમાં ખાનગી ખાના બનાવી દારુ ભરી ગુજરાતમાં લાવવામાં આવે છે.

ત્યારે રાજયમાંથી દારૂની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા માટે પોલીસની ટીમો પણ દરોડા પાડી દેશી -વિદેશી દારુ કબ્જે કરી બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી કરે છે. ત્યારે રાજયમાં છેલ્લા ૬ માસમાં દેશી દારૂના ૬૯,૯૨૪ કેસ નોંધાયા છે. જેમાં પોલીસે કિં. રૂ. ૩,૪૮,૯૨,૮૦૦ નો કુલ મુદ્દામાલ કબ્જે કરી ૬૯૩ વાહનો પકડી પાડી તેમાં રહેલો ૬,૦૧,૨૩૪ લીટર દારૂના જથ્થાની કુલ કિં.૧,૬૮,૭૯,૭૪૫ થાય છે. જયારે પોલીસે ૬૬,૩૯૩ આરોપીઓની ધરપકડ પણ કરી છે. જયારે પોલીસે છેલ્લા છ માસમાં વિદેશી દારુના કુલ ૧૫,૫૧૨ ગુના નોંધાયા છે. જેમાં ૧૮,૩૮૯ આરોપીઓ પકડાયા છે. જયારે ૩૦,૧૨,૨૮૦ વિદેશી દારુના જથ્થાની કિં.૬૨,૮૪,૩૮,૭૪૩ થાય છે. પોલીસે આ વિદેશી દારુનો જથ્થો ૪,૮૩૮ વાહનોમાંથી પકડી પાડ્યો હતો.

પોલીસે દારુ, વાહન સહિત મળીને કુલ મુદ્દામાલ રૂ.૮૫,૪૯,૭૬,૭૮૪ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે લિસ્ટેડ બુટલેગર સામે ૭,૬૫૮ ગુના નોંધાયેલા છે. જયારે પાસા હેઠળ ૩૧૪ બુટલેગર પકડાયા છે. તડીપાર કરવામાં આવેલા બુટલેગરની સંખ્યા ૧૭૩ છે. (આ માહિતી તા.૧-૨૦૨૨ થી ૬-૨૦૨૨ સુધીની છે)

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ભાઈજીપુરાની શાળામાં વરસાદી પાણી ભરાઈ રહે છે જેના કારણે બાળકોના અભ્યાસ પર અવળી અસર પડે છે. આ બાબતે સ્થાનિક કોર્પોરેટરને રજૂઆત કરાતા મનપાના અધિકારીઓએ શાળાની મુલાકાત લઈ પાણીના નિકાલ કરી માટી પૂરાણ સહિતની કામગીરી કરાવી હતી.

રાંધેજા મારૂતિનંદન ફલેટ પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

રાંધેજા મારૂતિ નંદન ફલેટમાં એ-૨૦૩ નંબરનું મકાન રૂ.૧૩.૫૦ લાખમાં વેચાણ કરી દીધુ હતું. મકાન વેચાણના તમામ રૂપીયા મળી ગયા બાદ પણ મકાન ખાલી ન કરતા અને વધુ રૂપીયા માંગતા વધુ રૂપીયા ચુકવી દસ્તાવેજ કર્યા પછી બે દિવસમાં મકાન ખાલી કરવાનું જણાવ્યું હતું.તેમ છતા મકાન પર ગેરકાયદેસર કબ્જો જમાવી રાખી મકાન ન આપતા પુષ્પાબેન શાહ અને નરેશ શાહ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ સોનીયાબેન પાટીલે ફરીયાદ નોંધાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ હરીકૃષ્ણ એપાર્ટમેન્ટ ખાતે રહેતા સોનીયાબેન ગુલશનભાઈ પાટીલ (ઉં.૪૮) પરિવાર સાથે રહે છે. સોનીયાબેને રાંધેજા ગામની સીમમાં હરી ડેવલપર્સ દ્વારા મારૂતિ નંદન નામની સ્કીમ બનાવવામાં આવી છે. આ સ્કીમના બ્લોક નં.એ-૨૦૩ નું મકાન હરી ડેવલપર્સના ભાગીદાર કનૈયાલાલ દલસુખભાઈ પટેલે તા.૩૧.૧.૧૯ ના રોજ પુષ્પાબેન નરેશભાઈ શાહને વેચાણ આપ્યું હતું. જયારે નરેશ દુધાભાઈ શાહે તેમના પત્નિના નામે ૬૫.૨૨ ચો. મી.સુપર બિલ્ટઅપ એરીયાવાળુ મકાન રાંધેજા મારૂતિ નંદન સ્કિમમાં રાખ્યું હતું. જયારે સોનીયાબેનનો દિકરો કલોલ ખાતે અભ્યાસ કરતો હોવાથી તેઓ રાંધેજા આસપાસના વિસ્તારમાં મકાન શોધતા હતા. તે દરમિયાન મારૂતિ નંદન એપાર્ટમેન્ટમાં રહેતા તેમના પરિચિત ભાઈએ ઉપરોકત મકાન વેચવાનું છે. તેમ વાત કરતા વર્ષ ૨૦૨૦માં મકાન જોયું હતું અને પસંદ આવતા તેની કિં.૧૩,૫૦ લાખ નક્કી કરીને વેચાણ રાખ્યું હતું. આ મકાનના ટોકન પેટે ગત તા.૨૮-૯-૨૦ ના રોજ રોકડા રૂ.૨૧ હજાર તેમજ અન્ય રૂ.૧.૩૦ લાખ આપતા વેચાણ રાખવા અંગે કબ્જા સિવાયનો બાનાખત મકાન વેચનારે નોટરી સમક્ષ કરી આપ્યો હતો. ત્યારબાદ કલોલ ખાતેની બેંકમાંથી રૂ.૧૦ લાખની લોન લઈ સોનીયાબેન દ્વારા રૂપીયા એકાઉન્ટમાં જમા કરાવી વેચાણ દસ્તાવેજ કરી તા.૨૪-૬-૨૧ ના રોજ મકાનના માલિક બન્યા હતા. જયારે મકાન પેટે આપેલા રૂ.૫૦ હજારના બે ચેક વેચાણ કરનારે વટાવ્યા ન હતા . ત્યારબાદ વધુ પૈસાની માંગ કરતા તેઓએ આરટીજીએસ દ્વારા રૂ.૧ લાખ ૯૭ હજાર જમા કરાવ્યા હતા. મકાન બે દિવસમાં ખાલી કરીને ચાવી આપવાનું કહ્યું હતું.પરંતુ મકાન ખાલી કર્યું ન હતું. ત્યારબાદ મકાન ખાલી કરવા અંગે કહેતા ગલ્લા તલ્લા કરવા હતા.મકાનની કિંમત વધુ જોઈએ છે તેમ કહી મકાન પર ગેરકાયદેસર કબ્જો જમાવી રાખ્યો હતો. તે ઉપરાતં મકાન પચાવી કોઈ અન્ય ત્રાહિત વ્યકિતને ભાડે આપ્યુ હોવાનું જાણવા મળ્યું છે. રાંધેજા ખાતે ગેરકાયદેસર મકાન પચાવી પાડનાર પુષ્પાબેન નરેશભાઈ શાહ અને નરેશભાઈ દુધાભાઈ શાહ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

રાસેયો દ્વારા જળ સંરક્ષણ કાર્યક્રમ અન્તર્ગત ખંબાતી કુવાની મરામતની કામગીરી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩૦

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ કાર્યક્રમ અંતરગત સાદરા પરિસરમાં આવેલા ખંબાતી કુવાની મરામતની સરસ કામગીરી કરવાંમાં આવી હતી રાષ્ટ્રીય સેવા યોજનાનાં ૯૦ સ્વયમ સેવકોએ જળ સંરક્ષણનાં આંદોલન તરીકે પરિસરમાં આવેલા ખંબાતી કુવાઓની સફાઈ અને મરામતની શ્રેષ્ઠ કામગીરી કરી હતી અને વિધાર્થીઓને ખંબાતી કુવાઓ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને પર્યાવરણને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાંથી એક વિશેષ પ્રવૃત્તિ તરીકે ગૂજરાત વિધાપીઠમાં જળ સંરક્ષણની જુદીજુદી કામગીરી વિધાર્તીયો દ્વારા કરાવવામાં આવે છે પરિસરને ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર અને વન અને પર્યાવરણ મંત્રાલય તરફથી ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકેની માન્યતા પણ મળેલી છે આ પ્રવૃત્તિમાં વિશેષ રીતે લીડર તરીકે શ્રી ચિરાગ ઓડનાં નેજા હેઠણ કરવામાં આવી હતી સંસ્થાનાં ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વય સેવકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું આ સંપૂર્ણ કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના અધ્યાપક ડૉ. અરવિંદ રામી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

યુ.જી. હાઈસ્કૂલમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગઈકાલે શેઠ શ્રી યુ.જી. હાઈ. અને શ્રી ડી.જી. પટેલ ઉ.મા. શાળા ચોઈલામાં તા. ૨૭-૭-૨૨ને બુધવારના રોજ મતદાન જાગૃતિ અંતર્ગત શાળામાં મતદાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં જી.એસ. તરીકે ૯ અને અને એલ.આર. તરીકે ૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં જી.એસ. તરીકે બે વિદ્યાર્થીઓના સરખા મત મળતાં બન્નેને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પલક બી. ઝાલા અને આર્યન એમ. પટેલ અને એલ.આર.ના ઉમેદવારમાં રીતુ એમ. વણકર અને ક્રિયા ડી. પટેલ વિજેતા થયા હતા. પોલિંગ ઓફિસર તરીકે ધો. ૧૧ના રોશન, દર્શ, રૂચિ, પલક અને વિશ્વા નામના વિદ્યાર્થીઓએ કામગીરી બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકો, આચાર્ય, શિક્ષકમિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

જૂના સચિવાલયની પાછળ આવેલા મીના બજારમાં લોકોની સુવિધા માટે જાહેર શૌચાલય બનાવવામાં આવ્યુ છે. પરંતુ તેનું મેન્ટેનન્સ યોગ્ય રીતે કરવામાં આવતુ નથી. આ શૌચાલયની ગટર ઉભરાતા આસપાસ ખુબ ગંદકી ફેલાય છે. દરવાજા પણ તુટી ગયા છે.

એપ્રેન્ટીસશીપ માટે ભરતીની જાહેરાત

એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ હેઠળ અત્રેના મુદ્રણાલયમાં નીચે દર્શાવેલ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ માટે ભરતી કરવાની થાય છે. દરેક ટ્રેડ માટે વય મર્યાદા તા. ૧૦/૮/૨૦૨૨ના રોજ ૧૪ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

અનુ. નં.	ટ્રેડ	અનુસુચિત જાતિ	અનુસુચિત જનજાતિ	બિન અનામત	કુલ	લાયકાત
૧	બુક બાઈન્ડર	૦૧	૦૦	૦૫	૦૬	ધોરણ-૯ પાસ
૨	ઓફસેટ મશીન માઈન્ડર	૦૦	૦૦	૦૫	૦૫	ધોરણ-૧૦ પાસ (સાયન્સ વિષય સાથે)

નોંધ : બુક બાઈન્ડર ટ્રેડમાં આઈ.ટી.આઈ. પાસ કરેલ હશે તેને ૧ વર્ષની છુટ આપવામાં આવશે અને આગલા વર્ષમાં પ્રવેશ મળશે. ઉમેદવારોએ જન્મ તારીખનો દાખલો, શૈક્ષણિક પરિણામ પત્રક અને જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત કરેલ નકલો સાથે તા. ૧૦/૮/૨૦૨૨ સુધીમાં **શ્રેયાન વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ઘ-૭ સર્કલ નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦**ને મળે તે રીતે અરજી કરવી. રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારે પોતાના સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે. તાલીમનો સમયગાળો તેમજ સ્ટાઈપેન્ડ એપ્રેન્ટીસ અધિનિયમન-૧૯૬૧ મુજબ રહેશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય
ગાંધીનગર

માહિતી/૧૦૦૯/૨૨-૨૩

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

ગાંધીનગર જિલ્લા પંચાયત મા.મ. વિભાગ

જાહેર નિવિદા નં. ૪ સને:૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી તરફથી મેન્યુઅલ હાઉસ કીપીંગ વર્ક એટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ પંચાયત બિલ્ડીંગ ગાંધીનગરના કામ માટે ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com અને www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે. તેમજ ટેન્ડર ઓનલાઈન જ ભરવાના રહેશે. ટપાલ માર્ગ કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

ઓનલાઈન સબમીશનની તારીખ	તા. ૯/૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન તારીખ	તા. ૧૦/૮/૨૦૨૨ સમય ૧૧.૦૦ કલાક
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.થી...)	તા. ૧૭/૮/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી

માહિતી/૧૦૦૫/૨૨-૨૩